# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## ધ્વજવંદન

૬૬મો **પ્રજાસત્તાક દિનની** ઉજવણી નિમિત્તે ડૉ. સી. જે. ડાંગરીયા, માનનીય કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ રાષ્ટ્રીય પ્રસંગની ઉજવણીમાં સર્વે અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ તેમજ કૃષિ પરિવારના તમામ ભાઈ–બહેનોને નીચે જણાવેલ સ્થળે પધારવા તેમજ ઉજવણીમાં સહભાગી થવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવે છે.

**તારીખઃ ૨૬/૦૧/૨૦૧૫** **સમયઃ સવારે ૮.૦૦ કલાકે**
**સ્થળઃ મા. કુલપતિશ્રીની કચેરી, યુનિવર્સિટી ભવન, નવસારી.**

જા.નં.: નિવિક/ પ્રજાસત્તાક દિન/ટે.૨/૧૪૬–૨૩૬/૨૦૧૫
તારીખ : ૧૭/૦૧/૨૦૧૫

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી.**

**નકલ સવિનય રવાના પ્રતિઃ**

૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. મા. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૪. કાર્યપાલક ઈજનેરશ્રી,ન.કૃ.યુ.,નવસારી તરફ જાણ તેમજ **ધ્વજવંદનનો સ્તંભ** અને **બસની જરૂરી વ્યવસ્થા** કરવા સારૂ.
૫. ચેરમેનશ્રી, વિદ્યાર્થી સંઘ,ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ **પ્રસાદી** અને **સરભરાની સ્વતંત્ર વ્યવસ્થા** કરવા સારૂ.
૬. ચેરમેનશ્રી, વિદ્યાર્થી સંઘ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ ધ્વજ વંદન પ્રસંગે **માઈક સીસ્ટમની સુચારુ વ્યવસ્થા કરવા સારૂ.**
૭. રેકટર/મદદ. રેકટરશ્રી, તમામ મહાવિદ્યાલય તરફ જાણ તેમજ વિદ્યાર્થીઓને ધ્વજ વંદનમાં હાજર રહેવાની સૂચના આપવા **સારૂ.**
૮. પ્રો. જી. વી. સવાણી, એન.સી.સી. ઓફિસર અને મદદનીશ પ્રાધ્યાપક,અસ્પી બાગાયત – વ – વનિય મહાવિદ્યાલય નવસારી તરફ જાણ તથા એન. સી. સી. કેડેટસ સહિત ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.
૯. ફીઝીકલ ઈન્સ્ટ્રકટરશ્રી તરફ સ્વચ્છ રાષ્ટ્રીય ધ્વજ ઉપલબ્ધ કરી ધ્વજ વંદનની કાર્યવાહી કરવા સારૂ.
૧૦. પ્રોગ્રામ ઓફિસરશ્રી, રાસેયો (NSS), તમામ મહાવિદ્યાલય નવસારી તરફ જાણ તેમજ તેઓના યુનિટના સ્વયંસેવકોની સાથે ધ્વજ વંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.
૧૧. મેડીકલ ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ શાળા/ કોલેજના વિદ્યાર્થીઓને ચકકર આવવાના કિસ્સા બનાતા હોય સ્ટાફ સાથે સારવાર માટે ધ્વજ વંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.
૧૨. સિકયુરીટી ઓફીસરશ્રી, સાંઈ સિકયુરીટી સર્વિસ જાણ તેમજ તેઓના સ્ટાફ સાથે હાજર રહેવા સારૂ.
૧૩. આચાર્યશ્રી, પ્રાથમિક શાળા કૃષિ કેમ્પસ નવસારી તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ.
૧૪. તમામ નોટીસ બોર્ડ તરફ બહોળી પ્રસિધ્ધિ અર્થે.

**નોંધઃ શહેરથી કોલેજ ઉપર આવવા માટે યુનિવર્સિટી બસની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. યુનિવર્સિટીની બસ ડેપો ઉપરથી સવારના ૭.૩૦ કલાકે ઉપડશે તો પરિવાર સહ પધારવા વિનંતી.**